# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુકામ: વિંઝોલ, પોસ્ટ: કાંકણપુર, તાલુકો: ગોધરા, જિલ્લો: પંચમહાલ-૩૮૮૭૧૩.


G20 भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्

**નં. એસજીજીયુ/યુ.મ./૯૮૨૯/૨૦૨૩/** **તા:૨૭/૦૯/૨૦૨૩**

**પરિપત્ર:** ૩૨૭૭

## ચતુર્થ યુવક મહોત્સવ " સ્પંદન-૨૦૨૩ "

**વિષય : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૨૩" ના રજીસ્ટ્રેશન બાબત.**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તેમજ ભવનોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા સંભવિત તારીખ **૨૬ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૩** દરમિયાન વિંઝોલ ખાતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૨૩" નું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના **યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૨૩"** ના આયોજન અને સંચાલનમાં સુગમતા રહે તે માટે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારા વિશેષ પોર્ટલ "સ્પંદન-૨૦૨૩" તૈયાર કરવામાં આવેલ છે. સંબંધિત કોલેજોએ યુનિવર્સિટીની **વેબસાઈટ www.sggu.ac.in** પર "સ્પંદન-૨૦૨૩" પોર્ટલમાં લોગીન થઈ પોતાની કોલેજનું નામ સિલેક્ટ કરીને તેમની કોલેજમાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓનું **તા. ૨૯/૦૯/૨૦૨૩ થી ૧૫/૧૦/૨૦૨૩** સુધીમાં જરૂરી તમામ વિગતો સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આચાર્યશ્રીએ પોતાના સહી-સિક્કા કરી ઓનલાઈન લીધેલ પ્રિન્ટઆઉટ યુનિવર્સિટીને બિનચૂક મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓનું નિયત સમયમર્યાદામાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન થયેલ નહી હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ અને આ અંગે કોઈપણ રજૂઆત માન્ય રખાશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી.

**રજીસ્ટ્રેશન માટેની લીંક : https://youthfestival.ngsoft.in/**

**નોંધ :**

1. દરેક કોલેજોએ "સ્પંદન-૨૦૨૩" પોર્ટલ માં લોગીન થવા તેમની કોલેજના નામ પર ક્લિક કરી principal123 પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. દરેક કોલેજે પોર્ટલમાં પ્રથમ વખત લોગીન થયા બાદ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.
2. આ સાથે યુવક મહોત્સવમાં યોજાનાર સ્પર્ધાઓની યાદી તેમજ તેના નીતિ નિયમો પણ સામેલ છે જેની ગંભીરતા પૂર્વક નોંધ લેવાની રહેશે.
3. આ અંગે કોઈપણ માહિતીની આવશ્યકતા હોય તો નીચે દર્શાવેલ કોર કમિટીના સભ્યશ્રીઓનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| ડૉ. કિશોર વ્યાસ, આચાર્યશ્રી, એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ. | ૯૯૨૪૭ ૩૫૧૧૧ |
| પ્રો.આઈ.પી.મેકવાન, એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ (સોફ્ટવેર સંબંધિત) | ૯૫૭૪૪ ૪૪૦૪૦ |
| ડૉ. આશિષ આર. મોદી, શ્રી કે.આર.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ. | ૯૮૨૫૬ ૮૯૨૫૪ |
| ડૉ. વિજય માંગુકિયા, ડિપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ. | ૯૯૦૯૧ ૪૧૯૮૧ |
| ડૉ. હેમંત પ્રજાપતિ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ. | ૯૮૭૯૧ ૪૫૦૯૫ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/ પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ અને ભવનોના કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

## સ્પર્ધાઓના નિયમો

### 1. સંગીત –MUSIC

**A. શાસ્ત્રીય કંઠ્ય સોલો (હિન્દુસ્તાની / કર્ણાટક) : Classical Vocal Solo**

1) સંસ્થા દીઠ એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) અભિવ્યક્તિનો મહત્તમ સમય ૧૦-મિનિટનો રહેશે. મંચ ઉપર વાદ્ય સાધનોની ગોઠવણીનો સમય ૫-મિનિટનો અપાશે. વાદ્ય સાધનો પોતાના લાવવાના રહેશે.
3) સહાયકોની મહત્તમ સંખ્યા બે રહેશે.
4) અભિવ્યક્તિ હિન્દુસ્તાની કે કર્ણાટક શૈલીમાં પ્રસ્તુત કરી શકાશે.
5) ફિલ્મી ગીતો (કોઈ પણ) ગાઈ શકાશે નહીં.
6) રાગ અને કમ્પોઝીશનની ચોક્કસ પસંદગી હોવી જોઈએ.
7) મૂલ્યાંકન નીચેનાં પાસા ઉપર આધારિત રહેશે. જેવા કે તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન અને સામાન્ય પ્રભાવ (General Impression)

**B. શાસ્ત્રીયવાદ્ય સંગીત (સોલો) : તાલ વાદ્ય (Percussion) : Classical Instrumental**

1) સંસ્થા દીઠ એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) અભિવ્યક્તિનો મહત્તમ સમય ૧૦-મિનિટનો રહેશે. મંચ ઉપર વાદ્ય સાધનોની ગોઠવણીનો સમય ૫-મિનિટનો અપાશે.
3) સહાયકોની મહત્તમ સંખ્યા બે રહેશે.
4) સ્પર્ધકે પોતે પોતાનું વાદ્ય લાવવાનું રહેશે.
5) અભિવ્યક્તિ હિન્દુસ્તાની કે કર્ણાટક શૈલીમાં પ્રસ્તુત કરી શકાશે.
6) મૂલ્યાંકન નીચેનાં પાસા ઉપર આધારિત રહેશે. જેવા કે તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન અને સામાન્ય પ્રભાવ (General Impression)

**C. શાસ્ત્રીય વાદ્ય સંગીત (સોલો) : સ્વર વાદ્ય (Non Percussion) :**

1) સંસ્થા દીઠ એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) અભિવ્યક્તિનો મહત્તમ સમય ૧૦-મિનિટનો રહેશે. મંચ ઉપર વાદ્ય સાધનોની ગોઠવણીનો સમય ૫-મિનિટનો અપાશે.
3) સહાયકોની મહત્તમ સંખ્યા બે રહેશે.
4) સ્પર્ધકે પોતે પોતાનું વાદ્ય લાવવાનું રહેશે. (Key Board Casio માન્ય નથી)
5) પાશ્ચાત્ય વાદ્ય સાધન કે જે ભારતીય રાગ માટે વિકસાવેલ હોય તેનો ઉપયોગ કરી શકાશે.
6) અભિવ્યક્તિ હિન્દુસ્તાની કે કર્ણાટક શૈલીમાં પ્રસ્તુત કરી શકાશે.
7) મૂલ્યાંકન નીચેનાં પાસા ઉપર આધારિત રહેશે. જેવા કે તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન અને સામાન્ય પ્રભાવ (General Impression)

**D. હળવું કંઠય સંગીત (ભારતીય) : Light Vocal Solo**

1) સંસ્થા દીઠ એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) મંચ ઉપર વાદ્ય સાધનોની ગોઠવણીનો સમય ૨-મિનિટનો અપાશે.
3) સહાયકોની મહત્તમ સંખ્યા બે રહેશે.
4) ગીતની સમય મર્યાદા ૪-મીનીટથી ૬-મીનીટ સુધીની રહેશે.
5) ફક્ત ગેર-ફિલ્મી ગીત, ગઝલ, ભજન, શબદ અને અભંગને પ્રસ્તુત કરી શકાશે.
6) મૂલ્યાંકન નીચેનાં પાસા ઉપર આધારિત રહેશે. જેવા કે તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન અને સામાન્ય પ્રભાવ (General Impression)

**E. પાશ્ચાત્ય કંઠય સંગીત : (Western Vocal Solo)**

1) સંસ્થા દીઠ એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) મંચ ઉપર વાદ્ય સાધનોની ગોઠવણીનો સમય ૨-મિનિટનો અપાશે.
3) સહાયકોની મહત્તમ સંખ્યા બે રહેશે.
4) ગીતની સમય મર્યાદા ૪-મીનીટથી ૬-મીનીટ સુધીની રહેશે.
5) ગીતની ભાષા ફક્ત અંગ્રેજી (English) જ રહેશે.
6) મૂલ્યાંકન નીચેનાં પાસા ઉપર આધારિત રહેશે. જેવા કે રીધમ, કમ્પોઝીશન, કો-ઓર્ડીનેશન અને સામાન્ય પ્રભાવ (General Impression)

**F. સમૂહ ગાન (ભારતીય): Group Song (Indian)**

1) સંસ્થા દીઠ એક જ ગ્રુપ (ટીમ) ભાગ લઈ શકશે .
2) દરેક ટીમે ૨ ગીતો રજુ કરવાના રહેશે. જેમાં ૧- દેશ ભક્તિ અને ૨- લોક ગીત.
3) ટીમમાં મહત્તમ ૬ સ્પર્ધક (વિદ્યાર્થીઓ) ભાગ લઈ શકશે. સહાયકોની મહત્તમ સંખ્યા 3 રહેશે.
4) ગીતની પસંદગી ભારતીય ગાયનમાંથી કરવાની રહેશે. જેમાં પ્રાદેશિક ભાષાનાં ગીતો હોઈ શકે છે.
5) સમૂહ ગાન તરીકે કોઈ પણ ફિલ્મી ગીત રજુ કરી શકાશે નહીં.
6) ગીતની સમય મર્યાદા મહત્તમ ૧૦ મિનિટની રહેશે અને મંચ પર વાદ્ય સામગ્રી ગોઠવણીનો અતિરિક્તસમય ૪ મિનિટનો જ રહેશે.
7) મૂલ્યાંકન ફક્ત ગાયનની કક્ષા ઉપર આધારિત રહેશે. સ્પર્ધકોના મેક-અપ, કોસ્ટ્યૂમ કે અભિનય ઉપર રહેશે નહીં.

**G. સમૂહ ગાન (પાશ્ચાત્ય) : Group Song (Western)**

1) સંસ્થા દીઠ એક જ ગ્રુપ (ટીમ) ભાગ લઈ શકશે .
2) ટીમમાં મહત્તમ ૬ સ્પર્ધક (વિદ્યાર્થીઓ) ભાગ લઈ શકશે. સહાયકોની મહત્તમ સંખ્યા 3 રહેશે.
3) સમૂહ ગીત ફક્ત અંગ્રેજી (English) ભાષામાં જ હોવું જોઈએ.
4) ગીતની સમય મર્યાદા મહત્તમ ૧૦ મિનિટની રહેશે અને મંચ પર વાદ્ય સામગ્રી ગોઠવણીનો અતિરિક્ત સમય ૪ મિનિટનો જ રહેશે.
5) મૂલ્યાંકન ફક્ત ગાયનની કક્ષા ઉપર આધારિત રહેશે. સ્પર્ધકોના મેક-અપ, કોસ્ટ્યૂમ કે અભિનય ઉપર રહેશે નહીં.

H. લોક વાદ્યસમૂહ : (Folk Orchestra)

1) સંસ્થા દીઠ એક જ ગ્રુપ (ટીમ) ભાગ લઈ શકશે .
2) ટીમમાં મહત્તમ ૯ સ્પર્ધક (વિદ્યાર્થીઓ) ભાગ લઈ શકશે. સહાયકોની મહત્તમ સંખ્યા 3 રહેશે.
3) ટીમ ફક્ત ભાઈઓ અથવા ફક્ત બહેનો અથવા ભાઈઓ અને બહેનો બન્નેનાં સંયોજનથી બનાવી શકાશે.
4) પ્રસ્તુતિની સમય મર્યાદા લઘુત્તમ ૮ મિનિટ અને મહત્તમ ૧૦ મિનિટની રહેશે અને મંચ પર વાદ્ય સામગ્રી ગોઠવણીનો અતિરિક્ત સમય ૫ મિનિટનો જ રહેશે.
5) ટીમમાં મહત્તમ 3 સહાયકો રાખવાની છૂટ છે, પરંતુ સહાયકોના પરિવેશ ટીમના વિદ્યાર્થી સભ્યોના પરિવેશ કરતાં જુદા હોવા જોઈએ જેથી તેમને સહેલાઈથી ઓળખી શકાય.
6) વ્યાવસાયિક સહાયકો વિદ્યાર્થી સભ્યોથી અલગ બેસશે અથવા ઉભાં રહેશે. તેઓ ટીમનો નેતૃત્વ કરી શકશે નહીં.
7) ટીમ પોતાના રાજ્યની માનીતી લોક ધુન વગાડી શકશે. ફિલ્મી ગીતોની ધુન વગાડી શકાશે નહીં. ફક્ત ધુન વાદ્યો પર વગાડવાની રહશે, ગાયન કરી શકાશે નહીં.
8) આ વાદ્ય સમૂહમાં કોઈ પણ ઈલેક્ટ્રોનિક, ઈલેક્ટ્રીકલ કે પાશ્ચાત્ય વાદ્યનો ઉપયોગ કરી શકાશે નહીં.
9) મૂલ્યાંકન ફક્ત પ્રસ્તુતિની કક્ષા ઉપર આધારિત રહેશે. સ્પર્ધકોના મેક-અપ, કોસ્ટ્યૂમ કે અભિનય ઉપર રહેશે નહીં.

## 2. નૃત્ય – DANCE

A. લોક નૃત્ય : Folk/ Tribal Dance

1) સંસ્થા દીઠ એક જ ગ્રુપ (ટીમ) ભાગ લઈ શકશે.
2) ગ્રુપમાં મહત્તમ ૧૦ સ્પર્ધકો રાખી શકાશે અને ટીમમાં દરેક છોકરા અથવા છોકરીઓ અથવા બંને ભેગા રાખી શકાશે.
3) સહાયકોની સંખ્યા મહત્તમ ૫ ની રહેશે.
4) નૃત્ય ભારતીય શૈલીનું લોક નૃત્ય હોવું જોઇશે,શાસ્ત્રીય નહિ.
5) અભિવ્યક્તિની સમયમર્યાદા મહત્તમ ૧૦ મિનિટની રહેશે.
6) પોતાના પરફોર્મન્સ બાદ પોતાની પ્રોપર્ટી, સેટ વિગેરે સ્ટેજ ઉપરથી દુર કરવાની જવાબદારી જે તે ટીમની રહેશે.
7) મૂલ્યાંકન નીચેની બાબતો ઉપર આધારિત રહેશે. રીધમ, ફોર્મેશન, એક્સપ્રેશન, કોશ્ચ્યુમ, મેક-અપ, સેટ અને ઓવર ઓલ ઈફેક્ટ.
8) દરેક ટીમને સજાવટ માટે ૫ મિનિટ મળશે.

B. શાસ્ત્રીય નૃત્ય (ભારતીય) : Classical Dance

1) સંસ્થા દીઠ એક જ સપર્ધક ભાગ લઈ શકશે.
2) શાસ્ત્રીય નૃત્ય કોઈઇ પણ માન્ય "સ્કુલ ઓફ ડાન્સ"નો હોવો જોઈએ. જેમકે કથક,કથકલી, ભારત નાટ્યમ, મણીપુરી, કુચીપુડી, મોહિનીઅટ્ટમ, ઓડીશી વગેરે.
3) સ્પર્ધકને મહત્તમ ૧૫ મિનિટ આપવામાં આવશે. જેમાં પૂર્વ તૈયારી પણ સામેલ છે. મહત્તમ 3 સહાયકો રાખી શકાશે.
4) મૂલ્યાંકન નીચેની બાબતો ઉપર આધારિત રહેશે.તાલ, ટેક્નીક, રીધમ, અભિનય/ એક્સપ્રેશન, કોશ્ચ્યુમ્સ, ફૂટવર્ક અને સામાન્ય પ્રભાવ.

## 3. સાહિત્ય :- LITERATURE

### A. ક્વીઝ :-Quiz

1) દરેક સંસ્થા 3- સ્પર્ધકોની ૧- ટીમ મોકલી શકાશે.
2) લેખિત પ્રિલીમનરી રાઉન્ડ રાખવામાં આવશે. અને તેમાંથી ૫ ટીમોને ફાઈનલ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવશે.
3) ફાઈનલ રાઉન્ડ દ્રશ્ય- શ્રાવ્ય પ્રશ્નો સાથે મૌખિક રહેશે.
4) સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ દરમ્યાન દરેક રાઉન્ડનો સમય અને પ્રકાર કેવો છે તેની માહિતી આપવામાં આવશે.

### B. વકતૃત્વ :- Elocution

1) દરેક સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી અથવા હિન્દી અંગ્રેજી રાખી શકાશે.
3) સ્પર્ધકને ઝોનલ યુવક મહોત્સવમાં મહત્તમ ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
4) અભિવ્યક્તિમાં ગદ્ય કે પદ્ય હોઈ શકે છે પરંતુ ગીત નહીં.
5) સ્પર્ધાનો વિષય સ્પર્ધાના 3 દિવસ પહેલાં જણાવવામાં આવશે.

### C. સમૂહ ચર્ચા :- Debate

1) દરેક સંસ્થામાંથી ૨-સ્પર્ધકો ભાગ લઈ શકશે. એક સ્પર્ધક વિષયની તરફેણમાં અને બીજો વિષયની વિરુધ્ધમાં બોલશે.
2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી અથવા હિન્દી અંગ્રેજી રાખી શકાશે.
3) સ્પર્ધકને અભિવ્યક્તિ માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
4) પેપર રીડીંગ કરી શકાશે નહીં.
5) સ્પર્ધાનો વિષય સ્પર્ધાના 24 કલાક પહેલાં જાહેર કરવામાં આવશે.

### D. શીઘ્ર વકતૃત્વ :- Extempore

1) દરેક સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) સ્પર્ધા શરુ થયાની ત્રણ મિનિટ પહેલા વિદ્યાર્થીને વિષય આપવો.
3) રજૂઆતનો સમયગાળો ત્રણ મિનિટ રાખવો..
4) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી રાખવું.
5) દરેક સ્પર્ધકને સ્પર્ધા માટે જુદા જુદા વિષયો આપવા.

**4. નાટ્ય –THEATRE**

**A. એકાંકી :- One Act Play**

1) દરેક સંસ્થામાંથી એક ટીમ ભાગ લઈ શકશે.
2) નાટકની સમય મર્યાદા મહત્તમ ૩૦-મિનિટ રહેશે. સમય ગણતરીની શરૂઆત સંકેત આપવામાં આવે કે તરત જ અથવા ટીમ પરિચય આપવાની શરૂઆત કરે ત્યારથી ગણવામાં આવશે.
3) મંચ સજાવટ અને મંચ ઉપર રહેલ પ્રોપર્ટીને ખસેડવા માટે મંચનો હવાલો લીધા બાદ ૧૦-મિનિટનો સમય આપવામાં આવશે. પોતાની કૃતિની રજુઆત પૂર્ણ થયે time જાતે મંચ ખાલી કરવાનો રહેશે.
4) મહત્તમ સ્પર્ધક સંખ્યા-૯ અને મહત્તમ સહાયક સંખ્યા-૩ રહેશે.
5) સ્પર્ધક ટીમે મંચ ઉપરની વસ્તુઓ, મેક-અપનાં સાધનો વિગેરે જરૂરીયાત પોતાની સાથે લાવવાની રહેશે. સ્થાયી માઈક અને લાઈટ વ્યવસ્થા યજમાન કોલેજ પુરી પાડશે.
6) નાટક ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી અથવા ભારતની કોઈ પ્રાદેશિક ભાષામાં હોઈ શકે. જો પ્રાદેશિક ભાષામાં હોય તો નાટકનો સારાંશ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી લખેલી કોપી ઈન્ચાર્જ અધ્યાપકને જમા કરાવવી. પાશ્ચાત્ય નાટકનાં કૃતિની નકલ ચલાવાશે નહીં.
7) સ્પર્ધક ટીમે સ્પર્ધા શરૂ થવાના કલાક પહેલાં પહોંચી પોતાનું રજીસ્ટ્રેશન ઈન્ચાર્જ અધ્યાપકને અવશ્ય કરાવી દેવું.
8) મૂલ્યાંકન નીચેની બાબતો ઉપર આધારિત રહેશે.
   નાટકની ગુણવત્તા, થીમ, અભિનય, સ્ટેજ ક્રાફ્ટ, ડીઝાઈન તથા સામાન્ય પ્રભાવ.
9) જજનો નિર્ણય આખરી અને સૌને બંધન કર્તા રહેશે.
10) સહાયકો તરીકે એમને ગણવામાં આવશે જે પશ્ચાત નેપથ્યે બોલશે અથવા કોઈ સંગીત વાદ્ય વગાડશે. તેઓ મંચ ઉપર આવી શકશે નહીં.

**B. સ્કીટ:- Skit**

1) સંસ્થા દીઠ માત્ર એક ટીમ ભાગ લઈ શકશે.
2) ટીમમાં વધુમાં વધુ ૬- સ્પર્ધકો ભાગ લઈ શકાશે.
3) રજુઆતની સમય મર્યાદા મહત્તમ ૧૦-મિનિટની રહેશે.
4) મેક-અપ, પડદા અને પાર્શ્વ-સંગીતનો ઉપયોગ કરી શકાશે. વ્યક્તિગત નિવેદનો, કલંકિત બાબત,ચારીત્ર્ય તેમજ રાજકીય હત્યા વિગેરે જેવી બાબતોને પરવાનગી આપવામાં આવશે નહીં.
5) સ્પર્ધક ટીમે રજુઆત પહેલાં રજીસ્ટ્રેશન વખતે સ્ક્રિપ્ટની વિષય વસ્તુનાં સારાંશની નકલ ગુજરાતી,હિન્દી કે અંગ્રેજીમાં જમા કરાવવાની રહેશે.
6) આઈટમનાં મૂલ્યાંકનનો આધાર વિષય વસ્તુ, અભિનય, મંચ સજ્જા, ડીઝાઈન અને સામાન્ય પ્રભાવ બાબતો ઉપર રહેશે.
7) રજુઆતમાં અશિષ્ટતા અથવા કઠોર ગર્ભિત સૂચનોને ટાળવા. માત્ર નિર્દોષ અથવા રમૂજ અપેક્ષિત છે.

**C. માઈમ (મૂક અભિનય) :- Mime**

1) સંસ્થા દીઠ માત્ર એક ટીમ ભાગ લઈ શકાશે.
2) ટીમમાં વધુમાં વધુ ૬- સ્પર્ધકો ભાગ લઇ શકાશે.
3) મૂલ્યાંકનનો આધાર વિચાર, રજુઆતની મૌલિકતા, મેક-અપનો ઉપયોગ, પાર્શ્વ સંગીત અને સામન્ય પ્રભાવ જેવી બાબતો ઉપર રહેશે.
4) સ્પર્ધાનો સમય ન્યુનતમ ૪-મિનિટથી મહત્તમ ૫-મીનીટનો રહેશે.
5) સ્પર્ધક ટીમ સ્ટેજ પ્રોપર્ટીનો ઉપયોગ કરી શકશે નહીં. માત્ર મેક-અપ, ડ્રેસ અને સંગીત ને જ પરવાનગી આપી શકાશે.

**D. મિમિક્રી :- Mimicry**

1) સંસ્થા દીઠ માત્ર એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) સ્પર્ધકને રજુઆત માટે ૫-મિનિટ આપવામાં આવશે.
3) સ્પર્ધક જુદા જુદા અવાજની પ્રખ્યાત વ્યક્તિઓની બોલી જેમકે ફિલ્મી હસ્તીઓની બોલીની નકલ રજુ કરી શકે છે.
4) મૂલ્યાંકન નકલની આવડત, જુદા જુદા પ્રકારનાં અવાજ અને બોલીની નકલની રજૂઆત ઉપર આધારિત રહેશે.

**5. લલિત કલા :- FINE ARTS**

**A. ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ :- On the spot painting**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકાશે.
2) સ્પર્ધકોએ સ્પર્ધાનાં ઇન્ચાર્જશ્રી એ આપેલ વિષય ઉપર પેઈન્ટિંગ કરવાનું રહેશે.
3) પેઈન્ટિંગ કરવા માટે અઢી કલાકનો સમય આપવામાં આવશે.
4) પેઈન્ટિંગની સાઈઝ Half imperial size drawing paper (૨૨ઈંચx૧૫ ઈંચ)ની રહેશે.
5) સ્પર્ધકે પીંછી, કલર ઈત્યાદી વસ્તુઓ પોતાની લાવવાની રહેશે. માત્ર પેપર શીટ યજમાન સંસ્થા દ્વારા આપવામાં આવશે.
6) પેઈન્ટિંગ માટે ઓઈલ, વૉટર, પૉસ્ટર કે પેસ્ટલ કલરનો ઉપયોગ કરી શકાશે કે બે વસ્તુઓનું મિશ્રણ ઉપયોગમાં લઈ શકાશે.

**B. કોલાજ:- Collage**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઇ શકશે.
2) સ્પર્ધક ને તેને આપવામાં આવેલ વિષય વસ્તુ ઉપર કોલાજ તૈયાર કરવાનું રહેશે. પેપર શીટ ની સાઈઝ (22 ઇંચ,૧૫ ઇંચ) રહેશે.
3) સ્પર્ધકોએ જરૂરી વસ્તુઓ જેવી કે કાતર, ગુંદર, ફેવિકોલ, સામયિક, સમાચાર પત્રો વિગેરે પોતાની સાથે લાવવાનાં રહેશે. પેપરશીટ યજમાન કોલેજ દ્વારા આપવામાં આવશે.

**C. પોસ્ટર મેકિંગ :- Poster Making**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઇ શકશે.
2) સ્પર્ધકોને આપેલ વિષય/થીમ/ટોપીક ઉપર પોસ્ટર બનાવવાનું રહેશે.
3) સ્પર્ધાની સમય મર્યાદા અઢી કલાકની રહેશે.
4) સ્પર્ધકે જરૂરી વસ્તુઓ પીછી, કલર પોતાના લાવવાનાં રહેશે. ડ્રોઇંગ પેપરશીટ યજમાન કોલેજ દ્વારા આપવામા આવશે ( 22ઇંચ, x ૧૫ ઇંચ)

**D. કલે મોડલીંગ :- Clay Modeling**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) કૃતિ સ્થળ ઉપર જ બનાવવાની રહેશે.(કલે-માટી થી)
3) સ્પર્ધાની સમય મર્યાદા અઢી કલાકની રહેશે.
4) વિષય અને સાઈઝ સ્પર્ધાની શરૂઆતમાં જણાવવામાં આવશે.
5) મોડેલ ને દર્શાવવા માટે બેઈઝ તરીકે કાગળનાં પુંઠાનો લાકડાનાં ટુકડાનો ઉપયોગ કરી શકાશે.

**E. કાર્ટુનીંગ :- Cartooning**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) કૃતિ સ્થળ ઉપર જજણાવેલ વિષય ઉપર બનાવવાની રહેશે.
3) સ્પર્ધાની સમય મર્યાદા અઢી કલાકની રહેશે.
4) સ્પર્ધકે જરૂરી વસ્તુઓ પોતાની લાવવાનાં રહેશે. ડ્રોઈંગ પેપર યજમાન કોલેજદ્વારા આપવામા આવશે ( 22 ઇંચ,૧૫ ઇંચ)

**F. રંગોલી :- Rangoli**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) સ્પર્ધાની સમય મર્યાદા અઢી કલાકની રહેશે.
3) સ્પર્ધકે જરૂરી વસ્તુઓ પોતાની સાથે લાવવાની રહેશે.આ કલા જુદા જુદા પ્રદેશોમાં જુદાજુદા નામે પ્રખ્યાત છે. જેમકે મન્ડના,અલ્પના, કોલમ,આલેખન, રંગોલી વિગેરે, રજૂઆતનું માધ્યમ અને સ્વરૂપ ફ્રીહેન્ડ, ચિત્રાત્મક કે વર્ણનાત્મકશૈલીનું હોઈ શકે.
4) ફક્ત એકજ માધ્યમ વાપરી શકાશે. પોસ્ટર કલર કે ફ્લાવર પેટલ્સ કે લાકડાનો વ્હેર કે કઠોળ કે ચોખા (ફુલની પાંખડીઓ) નો ઉપયોગ ચોટાડયા વગર કરી શકાશે.
5) રંગોલી આયોજકોએ પુરી પાડેલ જગ્યામાં બનાવવાની રહેશે.સામાન્ય રીતે ૨ ફુટ x ૨ફુટની જગ્યા ઉપલબ્ધ કરાય છે.

**G. સ્પોટ ફોટોગ્રાફી :- Spot Photography**

1) સંસ્થા દીઠ એક સ્પર્ધક ભાગ લઈ શકશે.
2) સ્પર્ધાની સમય મર્યાદા અઢી કલાકની રહેશે.
3) સ્પર્ધકે પોતે પોતાનો ડીઝીટલ કેમેરા લાવવાનો રહેશે.(૧૨ એમ.પી.થી વધુ નહી)ડીઝીટલ કેમેરામાં પોતાનું મેમરી કાર્ડરાખવું અને સ્પર્ધાની શરૂઆત કરતા પહેલાં પ્રોફેસર ઇન્ચાર્જ કે નિર્ણાયક દ્વારા તેને ફોર્મેટ કરવામાં આવશે.
4) દરેક સ્પર્ધકે નિર્ણાયક દ્વારા અપાયેલા વિષય વસ્તુ ઉપર ૫ ફોટોગ્રાફ પાડીને સમય મર્યાદામાંજમા કરાવવાના રહેશે.
5) ફોટામાં કોઈ પણ પ્રકારનું મિક્ષીંગ, મેચીંગ,મોર્ફીંગ માન્ય રાખવામાં આવશે નહીં.
6) કોઈપણ પ્રકારનાં સોફ્ટવેર(ફોટોશોપ વિગેરે)નો ઉપયોગ કરી શકાશે નહીં.
7) યજમાન સંસ્થાને જમા કરાવેલા ફોટોગ્રાફનો ઉપયોગ કરવાનો રહેશે
8) ફોટોગ્રાફનું મૂલ્યાંકનનીચેની બાબતો ઉપર આધારિત રહેશેઈમ્પેકટ, કમ્પોઝીશન, ટેકનીકલ ક્વોલીટી, વિષય સાથેની સુસંગતતા.
9) વધારાની સુચનાઓની સ્પર્ધા શરુ થતા પહેલાં જાહેરાત કરાશે.

**H. ઈંસ્ટોલેશન :- Installation**

ઈંસ્ટોલેશનના આપેલ શીર્ષક અથવા વિષય પ્રમાણે રચના કરવી. ઈંસ્ટોલેશનની સાઈઝ વધુ માં વધુ **5'x5'x5'** ની રહેશે.

1) સ્પર્ધકો ચિત્રકામ, કાર્ટુનીંગ, રંગોળી, કોલાજ કે કલે-મોડેલીંગ માં વપરાતાં કોઈપણ મટીરીયલ્સનો ઉપયોગ કરી શકશે.
2) સ્પર્ધકો આજુબાજુ અથવા બહાર ઉપલબ્ધ કોઈપણ વેસ્ટ મટીરીયલ્સનો ઉપયોગ પણ કરી શકશે.
3) સ્પર્ધકો બજારમાં ઉપલબ્ધ કોઈપણ તૈયાર ચિત્રો કે સ્વરૂપોનો ઉપયોગ કરી શકશે નહીં. તેઓ જાતેજ ઉપલબ્ધ રો-મટીરીયલ્સ થી રચના કરશે.
4) આ એક સમૂહ એક્ટીવીટી છે જેમાં વધુ માં વધુ ૪ (ચાર ) સ્પર્ધકો ની ટીમ ભાગ લઈ શકશે જે મળીને એક જ રચના કરશે.

**I. મહેંદી:- Mehndi**

1) મૌલિકતા, રચનાત્મકતા, શ્રૃંગાર કળા અને સૌન્દર્ય તત્વને મહત્વ આપવામાં આવશે.
2) કોઈપણ પ્રકારના સજાવટ મટીરીયલ્સ, સાંચા અથવા હાથથી છાપેલ વસ્તુનું ઉપયોગ કરી શકાશે નહીં.
3) સ્પર્ધકે મહેંદી તેમજ અન્ય જરૂરી મટીરીયલ જાતે લાવવાનું રહેશે.
4) મહેંદી દોરવાનો મહત્તમ સમય અઢી કલાક (2:30)નો રહેશે.
5) સ્પર્ધકે મોડેલ ના બંને હાથમાં હથેળી બાજુ હથેળી સહીત હાથ ઉપર ઓછા માં ઓછું ૬ ઇંચની લંબાઈ સુધી મહેંદી દોરવાની રહેશે.
6) દરેક સંસ્થામાંથી ફક્ત એકજ વિદ્યાર્થી સ્પર્ધક તરીકે ભાગ લઈ શકશે.
7) મોડેલ તરીકે જે તે સંસ્થાનાજ અન્ય વિદ્યાર્થી ને લાવવાનું રેહેશે.

**સામાન્ય નિયમો :-**

1) ડિબેટ, વકતૃત્વ, ક્વીઝ, ઈવેન્ટસમાં ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ત્રણેય ભાષામાં વિષયો આપવા.
2) Folk Dance, Classical Dance માં રેકાર્ડેડ કેસેટનો ઉપયોગ યુનિવર્સિટી કક્ષાએ કરી શકાશે. પરંતુ આંતર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં લાઈવ પરફોર્મન્સ કરવાનું રહેશે.
3) વેસ્ટર્ન મ્યુઝીકની ઈવેન્ટમાં ટ્રેકનો ઉપયોગ કરી શકાશે.
4) દરેક ઈવેન્ટમાં જરૂર પૂરતા માઈક્રોફોન સાથેની સાઉન્ડ સિસ્ટમ રાખવામાં આવશે. તેમજ સમય મર્યાદાનાં સિગ્નલ લાઈટ અથવા ધ્વનિના સ્વરૂપમાં ઈવેન્ટ સંભાળતા પ્રોફેસર ઇન્ચાર્જ દ્વારા આપવામાં આવશે .
5) થિયેટરની ઈવેન્ટ શક્ય હોય તો લાઈટ સાઉન્ડ સિસ્ટમ ધરાવતા થિયેટર હોલમાં જ રાખવી .
6) કોઈ પણ ઈવેન્ટમાં ત્રણથી ઓછા સ્પર્ધકો હોય તો પણ પરફોર્મ કરવા દેવામાં આવશે. નિર્ણાયકોને તે યોગ્ય લાગશે તો જ બેસ્ટ-થ્રી માં તેનો સમાવેશ કરવામાં આવશે.
7) સ્પર્ધામાં એનાઉન્સમેન્ટ વખતે ગ્રુપ ઈવેન્ટમાં ફક્ત કોલેજ કોડ અને વ્યક્તિગત ઈવેન્ટમાં સ્પર્ધક નો કોડ જ જાહેર કરવામાં આવશે .
8) પરિણામ બેસ્ટ-થ્રી મુજબ બનાવવામાં આવશે. કોઈ પ્રથમ કે દ્વિતીય એવો ક્રમ આપવામાં આવશે નહી. કોઈપણ સંજોગોમાં ત્રણ થી વધુ વિજેતા રાખવામાં આવશે નહીં .
9) એક સ્પર્ધક વધુમાં વધુ બે વ્યકિતગત ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.
10) આયોજકોને અસાધારણ સંજોગોમાં કોઈપણ સ્પર્ધામાં વિલંબ કરી શકવાનો કે મોકુફ રાખવાનો હક્ક રહેશે.

11) સ્પર્ધકોએ સ્પર્ધાની શરૂઆતમાં પોતે હાજર છે એ વિશેની જાણકારી દરેક ઈવેન્ટનાં સ્થળ ઉપર પ્રોફેસર ઈન્ચાર્જ ને આપવી. માત્ર ત્રણ વખત જે તે સ્પર્ધક કે સ્પર્ધક ટીમ ને બોલાવવા માટે call આપવામાં આવશે. આ સમય દરમ્યાન જે તે સ્પર્ધકે જાણ કરેલ નહી હોય તો તે પછી નાં ક્રમને રજુઆત માટે બોલાવવામાં આવશે.

12) દરેક સ્પર્ધકે પોતાનો ઓળખપત્ર સાથે લાવવું ફરજીયાત છે.